

ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નંબર ૨ ના વિકાસ અને વિસ્તાર અર્થે છેલ્લા ઘણા સમયથી અટકી પડેલા એવા રોડ રસ્તા પહોળા કરવાના કામને ગતિ મળતી હોય એવું દેખાઈ રહ્યું છે પહેલા એટલે કે પ્રથમ વરસાદ ની શરૂઆતના સમયે દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરવામાં આવ્યું હતું જે લોક માગણીને માન રાખી થોડા સમય પૂરતું સ્થગિત કર્યું હતું જે ફરીથી સક્રિય રીતે કાર્યરત થઈ જરૂરી, બિનજરૂરી તમામ દબાણો દૂર કરી નાગરિકોની સુવિધામાં સુધારો કરવા અને વિકાસને આખરી ઓપ આપવા ગાંધીનગર સેક્ટર ૨૮ ચરેડી વોટર વર્કથી પેથાપુર ચાર રસ્તા થી આગળ પેટ્રોલ પંપ સુધી બંને બાજુ રોડ રસ્તા ખુલ્લા કરવાની કામગીરી ઉઠાવવામાં આવી છે પણ નાગરિકો એમ પણ વિચારી રહ્યા છે તે જ્યાં સુધી ફાઈનલ એટલે કે અંતિમ રૂપરેખા મુજબનું કામ આકાર ના પામે ત્યાં સુધી અસુવિધાઓ ભોગવવી પડશે એમાં કોઈ બે મત નથી.

# સાપુતારામાં ધોધમાર વરસાદ

## વરસાદથી વૃક્ષો ધરાશાયી : વહેલી સવારથી સુરત નવસારીમાં ગાજવીજ સાથે વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી

ડાંગ,તા.૧

ગુજરાતમાં ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં કુલ ૧૦૦.૯૮ ટકા જેટલો વરસાદ થયો છે જ્યારે ગત વર્ષે આ સમયે રાજ્યમાં ૪૨.૩૫ ટકા વરસાદ નોંધાયો હતો. આ વર્ષે હજુપણ મેઘમહેર યથાવત છે. ત્યારે વહેલી સવાર સુરત, નવસારી સહીત દક્ષિણ ગુજરાતમાં વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સાર્વત્રિક વરસાદના પરિણામે કુલ ૮૬ લાખ હેક્ટર વિસ્તારની સામે ચાલુ સિઝનમાં ૮૨ લાખથી વધુ હેક્ટર વિસ્તારમાં એટલે કે ૯૫ ટકાથી વધુ ખરીફ પાકનું વાવેતર થયું છે. ડાંગ જિલ્લામાં સાપુતારા સહિત આહવા તળેટી વિસ્તારમાં ભારે ગાજવીજ અને વાવાઝોડા સાથે તૂટી પડેલા ધોધમાર વરસાદને પગલે તોતિંગ વૃક્ષો ધરાશાયી થતા અંતરિયાળના ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો ગયો છે. સાપુતારા સહિત આહવાના તળેટી વિસ્તારોમાં આવેલા સોનગીર, ઉમરપાડા, ભાંદા, વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા વીજળીના કડાકા ભડાકા સાથે વાવાઝોડું ફૂંકાતા અનેક તોતિંગ વૃક્ષો ધરાશાયી થતા વીજ પોલ તૂટી જતા અંતરીયાળ વિસ્તારના ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. ભાંદા ગામ પાસે વીજ પોલ તૂટી જતા માર્ગ અવરોધાયો હતો. ભારે વરસાદને પગલે ખાપરી નદી બન્ને કાંઠે વહેતી થઈ હતી. જોકે વાવાઝોડાને પગલે કોઈ જાનહાની કે ઘરોને નુકસાની ના અહેવાલ સાંપડી શક્યા નહતા.

પાછોતરા વરસાદ ને પગલે ખેતી પાકો ને જીવતદાન મળતા ખેડૂતોમાં ખુશી છવાઈ છે. વહેલી સવારથી સુરત નવસારીમાં ગાજવીજ સાથે વરસાદ વરસતાં વાતાવરણ ઠંડક પ્રસરી જવા પામી છે. ઓલપાડ, માંગરોળ, માંડવી સહિતના તાલુકાઓમાં વરસાદ ખાબક્યો છે. જિલ્લાના ખેરગામ તાલુકામાં સવારે ૪ થી ૬ વાગ્યાના ૨ કલાકમાં નોંધાયો ૪૦ મિમી વરસાદ નોંધાયો છે, નવસારીમાં આજે સવારે ૬ વાગ્યે પુરા થતા ૮ કલાકમાં નવસારી, ૦૮ મિમી, જલાલપોર ૦૬ મિમી, ખેરગામ: ૪૦ મિમી (૧.૬ ઈંચ), વાંસદા: ૦૨ મિમી વરસાદ નોંધાયો છે. એક અઠવાડિયાના વિરામ બાદ ફરી એકવાર વરસાદી સિસ્ટમ એક્ટિવ થઈ ગઈ છે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદ અંગે હવામાન વિભાગે પણ મહત્ત્વની આગાહી કરી છે.

# હવામાન દ્વારા ગુજરાતમાં પાંચ દિવસ વરસાદની આગાહી કરાઈ

## અમુક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ : ખેડા અને આણંદ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ અને પવન ફૂંકાઈ શકે છે : હવામાન વિભાગ

અમદાવાદ,તા.૧

ગઈકાલે અમદાવાદ શહેરના અમુક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. એ સિવાય જો ગુજરાતની વાત કરીએ તો, રાજ્યભરમાં અત્યારે વરસાદે વિરામ લીધો છે. અમુક સ્થળોએ છૂટોછવાયો વરસાદ નોંધાઈ રહ્યો છે. ગુજરાતીઓ બફારા અને ગરમીની ફરિયાદ પણ કરી રહ્યા છે. આ દરમિયાન હવામાન વિભાગ તરફથી વરસાદ અંગે ખાસ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ખેડા અને આણંદ સહિતના વિસ્તારોમાં આગામી પાંચ દિવસમાં ભારે વરસાદ અને પવન ફૂંકાઈ શકે છે. તમને જણાવી દઈએ કે, પાછલા થોડા સમયથી વરસાદ છૂટોછવાયો પડી રહ્યો છે. ઘણીવાર વાદળછાયું વાતાવરણ હોય છે, પરંતુ વરસાદ નથી પડતો, જેના કારણે ભેજનું પ્રમાણ વધી ગયું છે. પરિણામે લોકો ગરમીની પણ ફરિયાદ કરી રહ્યા છે. ફરી એકવાર રાજ્યમાં પંખા અને એસી શરુ થઈ ગયા છે. મોનસૂન વિડ્રોઅલ સિસ્ટમ મોડી સક્રિય થઈ હોવાને કારણે લોકોને આ ચિંતા સતાવી રહી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં આ વર્ષે ઘણો સારો વરસાદ પડ્યો છે. હવામાન વિભાગના ડાઈરેક્ટર ડોક્ટર મનોરમા મોહંતીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ગુજરાતમાં આગામી પાંચ દિવસમાં અમુક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. ઉલ્લેખનીય છે કે અત્યારે રાજ્યમાં કોઈ સિસ્ટમ સક્રિય નથી, તેમ છતાં હવામાં ભેજને કારણે અમુક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. હવે દેશભરમાં ચોમાસાની વિદાયનો સમય આવી ગયો છે. હવામાન વિભાગના નિષ્ણાંતોનું માનવું છે કે સપ્ટેમ્બરની શરુઆતથી વરસાદની વિદાય શરુ થાય છે.

# વિશ્વવિખ્યાત તરણેતર મેળાની મુલાકાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ

## લોકસંસ્કૃતિની પરંપરા જાળવતા તરણેતર સહિતના મેળાઓમાં સતત નવી સુવિધાઓ ઉમેરવા સરકાર પ્રયાસરત છે :મુખ્યમંત્રી



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરેન્દ્રનગર જિલ્લાના વિશ્વવિખ્યાત તરણેતર મેળામાં જણાવ્યું હતું કે દર વર્ષે ગુજરાતમાં ૧૫૦૦થી વધુ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ૪૦૦થી વધુ મેળાઓનું આયોજન થાય છે ત્યારે લોકજીવન અને ગ્રામ્ય સંસ્કૃતિમાં મેળાનું મહત્વ સમજી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોકમેળા, સાંસ્કૃતિક મેળાઓ સહિતના મેળાઓને પ્રોત્સાહન આપવાની નીતિ અમલમાં મૂકી હતી. મેળાઓ આપણી વૈવિધ્યસભર અને અનેક વિશેષતાઓ ધરાવતી લોકસંસ્કૃતિની પરંપરા જાળવી રાખવાનું અને સંવર્ધન કરવાનું કામ કરે છે. સરકાર મેળાઓમાં તેમનું સ્વરૂપ જાળવી રાખી આ સાથે વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે દિશામાં કાર્યરત છે. મુખ્યમંત્રીએ તરણેતરના મેળા સ્થળે તળાવના બ્યુટીફિકેશન સહિતના પગલા લઈ તેને મુલાકાતીઓ માટે વધુ સુવિધાઓયુક્ત બનાવવામાં આવશે તેમ જણાવ્યું હતું. યુવાનોને ગ્રામ્ય સ્તરે ખેલ પ્રતિભા દર્શાવવાની તક મળે છે અને પરંપરાગત રમતો માટે મેળાનું વિશાળ મંચ તેમને ઉપલબ્ધ થાય છે. તરણેતરના મેળામાં લંગડી, માટલા દોડ, ખાંડના લાડુ ખાવાની સ્પર્ધા, દોરડાકૂદ સહિતની પરંપરાગત રમતો ઉપરાંત દોડ, વોલીબોલ, કૂદ, કુસ્તી, કબડ્ડી જેવી રમતોના આયોજનને બિરદાવતા તેમણે ઉમેર્યું હતું કે આખી દુનિયામાં જો ગ્રામ્ય સ્તરે ક્યાંય વૈશ્વિક કક્ષાનો મેળો યોજાતો હોય તો તે તરણેતર છે.

# પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં પંખીઘર અને પાણીના કૂંડા લગાવી કાર્યક્રમ ઉજવાયો




પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં પંખીઘર અને પાણીના કૂંડા લગાવીને રાષ્ટ્રીય સેવા યોજના કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી સાથે રહીને તે કૂંડા અને પંખીઘર લગાવાયા હતા અને આ કાર્યક્રમને સફળ બનાવવા પોતાનો સહયોગ આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સજ્જનબેન ચૌધરી એન.એસ.એસ.ના પોગ્રામ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું.

# તબીબો માટે મેડીકો લીગલ કેસ-પોસ્ટમોર્ટમને લગતી તાલીમ શૃંખલાના શ્રીગણેશ



ગાંધીનગર, તા.૦૧

ગણેશ ચતુર્થીની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર જિલ્લાના સરકારી તબીબોએ ફોરેન્સિક મેડિસિનના નોલેજ અપડેટેશન તાલીમ શૃંખલાના શ્રીગણેશ કર્યા હતા. ગાંધીનગર જિલ્લામાં બનતા બળાત્કાર, આપઘાત, ખૂન તેમજ કેફી પીણાઓ પીવાના બનાવોમાં ન્યાય આપતી વખતે નામદાર કોર્ટ દ્વારા તબીબનો અભિપ્રાય સૌથી અગત્યનો ગણવામાં આવતો હોય છે. તબીબો પણ પોસ્ટમોર્ટમ નોટ અને મેડિકલ ડોક્યુમેન્ટ્સમાં ઝીણામાં ઝીણી બાબતો આવરી લઈને સાચો ન્યાય મળે તે માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. બળાત્કાર અને ખૂન જેવા અત્યંત સંવેદનશીલ બનાવોમાં ગાંધીનગરના તબીબો એ હાઈકોર્ટમાં પણ કાર્યદક્ષતા પુરવાર કરેલી છે. આ જ્ઞાન વધુને વધુ સુદ્રઢ થાય તે માટે અને સામાન્ય બાબત આવરી ન લેવાના કારણે ગુનેગાર છટકી ના જાય તે માટે અને તમામ વ્યક્તિઓને સાચો ન્યાય મળે તે હેતુથી મેડિકલ કોલેજના ફોરેન્સિક વિભાગના વડા તેમજ ફોરેન્સિક એક્સપર્ટ ડો.શૈલેષ ઝવેરી એ તમામ તબીબોને માર્ગદર્શન આપવાનું બીડું ઝડપ્યું છે. ગાંધીનગર મેડિકલ કોલેજના ડીન ડો. શોભના ગુપ્તા તથા સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિ લાખાણીની ઉપસ્થિતિમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તમામ તબીબોની મેડિકલ કેસ અંગેની તાલીમ શૃંખલાનો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના તબીબી અધિકારી ડો. અનિલ ચૌહાણે સાચા ગુનેગાર સુધી પહોંચવામાં મેડિકલ ડોક્યુમેન્ટની અગત્યતા સમજાવી હતી. ડો. નિયતિબેન લાખાણીએ તબીબોને વહીવટી માર્ગદર્શન આપવા સાથે જણાવ્યું હતું કે ગુનાઓને લગતા કિસ્સાઓમાં તબીબોની કામગીરી એ ઘોર અંધકારમાં એક પ્રકાશકુંજ સમાન છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન રાજ્ય આરોગ્ય વિભાગની જિલ્લા તાલીમ ટીમ ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આરએમઓ ડોક્ટર એન. કે. પરમાર દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

# આપનું વચન : ઘરદીઠ ૩૦૦ યુનિટ વીજળી મફત અપાશે

## આપ દ્વારા "ગેરંટી નોંધણી અભિયાન"નો પ્રારંભ કરાયો : મહિલાઓને મહિને ૧ હજાર અને બેરોજગારોને ૩ હજારનું ભથ્થું



ગાંધીનગર, તા. ૦૧

ગુજરાતમાં જો આમ આદમી પાર્ટી સત્તામાં આવશે તો ૩૦૦ યુનિટ વીજળી ફ્રી આપવામાં આવશે તેમજ મહિલાઓને દર મહિને એક હજાર રૂપિયા સ્ત્રી સન્માન નિધિ અને બેરોજગાર યુવાનોને ૩ હજાર રૂપિયા બેરોજગારી ભથ્થું તરીકે આપવામાં આવશે. આજે ગાંધીનગરના સેક્ટર-૧૧માં અખબાર ભવન ખાતે આયોજિત આમ આદમી પાર્ટીની પ્રેસ કોન્ફરન્સમાં પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ રીનાબહેન રાવલ, લોકસભા અધ્યક્ષ મુકેશભાઈ પટેલ અને રાજ્યના સંયુક્ત સચિવ સૂર્યસિંહ ડાભીએ આગામી તા.૨જી સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા આપ પાર્ટીના "ગેરંટી નોંધણી અભિયાન"ની માહિતી આપી હતી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ માહોલ ગરમાતો જાય છે. આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની એન્ટ્રી કારણે જંગ રસપ્રદ બની રહેશે તેવું અત્યારથી જણાઈ રહ્યું છે. આમ આદમી પાર્ટી દ્વારા પંજાબની તર્જ ઉપર આજે ગેરંટી નોંધણી અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું જે અંતર્ગત વિવિધ ફ્રી સ્કીમો જાહેર કરવામાં આવી હતી. આજે આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં ઘરદીઠ ૩૦૦ યુનિટ વીજળી ફ્રી આપવા સાથે શહેરો અને ગામડાંઓમાં ૨૪ કલાક વિજળી આપવાનો દાવો કરાયો છે તેમજ તા.૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ સુધીના તમામ બાકી વિજળી બિલોને માફ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે આપ પાર્ટી દ્વારા મહિલાઓને દર મહિને એક હજાર રૂપિયા સ્ત્રીસન્માન નિધિ પેટે આપવાની તેમજ બેરોજગાર યુવાનોને ૩ હજાર રૂપિયા બેરોજગારી ભથ્થું આપવાની, સરકારી નોકરીઓમાં ૧૦ લાખ ઉમેદવારોની ભરતી કરવાની તેમજ પેપરલીક કૌભાંડ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાતમાં સારું શિક્ષણ આપવા સાથે મનસ્વી ફી વધારા પર રોક લગાવવાની અને શિક્ષકોને શિક્ષણ સિવાય અન્ય કોઈ કામ સોંપવામાં નહીં આવે તેમજ રાજ્યના વેપારીઓને ભય મુક્ત વાતાવરણ અને રેડ રાજ તેમજ ભ્રષ્ટાચારથી મુક્તિ આપી વેટનું રિફંડ છ માસમાં જમા આપવા સાથે વેપારીઓની એડવાઈઝરી બોડી બનાવવાનું વચન આપવામાં આવ્યું છે.

### ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પંજાબ નેશનલ બેંકના ગ્રાહકો માટે કેવાયસી અપડેટ કરવાની તારીખ ૩૧ ઓગસ્ટ હતી. જો તમે હજુ સુધી તમારું કેવાયસી અપડેટ ન કરાવ્યું હોય તો તમારું ખાતું બ્લોક થઈ શકે છે. એટલે કે તમારે એકાઉન્ટ ઓપરેટ કરવા માટે પરેશાનીનો સામનો કરવો પડી શકે છે. નેશનલ પેન્શન સ્કિમમાં એક સપ્ટેમ્બરથી એકાઉન્ટ ઓપન કરવાવા બદલ પોઈન્ટ ઓફ પ્રેઝન્સને કમિશન અપાશે.

### સુધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાવ અને માર્જિનમાં વધુ વધારાની અપેક્ષા વ્યક્ત કરી છે. તાજેતરમાં કોમોડિટીના ભાવમાં થયેલા ઘટાડાથી મોંઘવારીના દબાણમાં પણ આંશિક ઘટાડો થયો છે.

ઓગસ્ટમાં ઉત્પાદન ખર્ચમાં વધારો એક વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો છે એટલેકે ફુગાવાનું એકતરફી દબાણ હવે ઘટ્યું છે અને સ્થિતિ કાબૂમાં છે. ઉત્પાદન ખર્ચમાં વધારાના અંકુશમાં સૌથી મોટો ફાળો એલ્યુમિનિયમ અને સ્ટીલ જેવા કાચા માલના ભાવમાં ઘટાડાને કારણે આવ્યો છે. જોકે કંપનીઓના ઉત્પાદનોની વેચાણ કિંમતમાં થોડો વધારો થયો છે.

કોરોના મહામારી બાદ ઝડપથી રિકવર થઈ રહેલ અર્થતંત્રમાં ઈન્ફલેશનને કાબૂમાં લેવા માટે ભારત સહિત વિશ્વની સેન્ટ્રલ બેંકોએ વ્યાજદર વધારાનું શસ્ત્ર ઉગામ્યું છે.

### દબાણો દૂર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખુલ્લા મેદાનમાં પણ લાંબા સમયથી દબાણોની ભરમાર જોવા મળી રહી છે. અપનાબજારના બિલ્ડીંગ ફરતે પણ દબાણોની હારમાળા જોવા મળે છે. જેમાં લારી ગલ્લા સહીત ઝુંપડાના દબાણો પણ વિશેષ છે. આ સ્થિતિ વચ્ચે આસપાસના રહીશો પણ તોબા પોકારી ગયા હતા. જયારે છેલ્લા કેટલાક સમયથી આ મામલે જિલ્લા સ્વાગત કાર્યક્રમ અન્વયે પણ કલેકટર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. દબાણોના મામલે સતત ઉઠતી ફરિયાદાને અનુલક્ષીને આખરે તંત્ર કક્ષાએથી આજે શહેરના સે-૬ માં દબાણ દુર કરવા માટે સવારથી પાટનગર યોજના ભવન, જિલ્લા કલેકટર કચેરી તેમજ મહાનગરપાલિકાની દબાણ શાખા દ્વારા દબાણો દુર કરવા માટે સંયુકત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તંત્રની ટીમ ૩ જેસીબી મશીન અને ૩ ટ્રેકટર સાથે સવારથી અપનાબજાર અને આસપાસના ફરતા વિસ્તારમાં સ્થિત દબાણો દુર કરવા કામે લાગી હતી. આ દરમિયાન સે-૬ ના આ મેદાનમાંથી ૪૫૦ થી વધુ દબાણો દુર કરાયા હતા જેમાં ઝુંપડા, લારી ગલ્લા અને પતરાના શેડના દબાણો દુર કરાયા હતા. આ વિસ્તારમાં લાંબા સમયથી દબાણો અસ્તિત્વમાં આવ્યા હોવાથી સ્થાનિકો પણ લાંબા સમયથી પરેશાન હતા જયારે સાંકડા સર્વિસ રોડ પર પણ ટ્રાફિક જામ થઈ જતો હતો પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો હોવાના લીધે વાહનચાલકો પણ જગ્યાના અભાવે માર્ગ વચાળે વાહનો ખડકી દેતા ટ્રાફિકની સમસ્યા પણ પેચીદી બની હતી. અપનાબજાર વિસ્તારમાંથી મોટી સંખ્યામાં દબાણો દુર કરાયા બાદ આ વિસ્તારમાં અંદાજતિ ૩૫ હજાર ચો મી જગ્યા ખુલ્લી થઈ છે. જયારે આગામી દિવસોમાં પણ આ ઠેકાણે દબાણો અસ્તિત્વમાં ન આવે તે માટે સે-૬ ની ઈન્કવાયરી કક્ષાએથી સતત પેટ્રોલીંગ કરવા માટે પણ સુચના આપવામાં આવી છે. દબાણમુક્ત વિસ્તારમાં હવે નવરાત્રિ, સરકસ, તેમજ મેળા સહીતના જાહેર કાર્યક્રમોનુ પણ આયોજન કરી શકાશે જેના લીધે સરકરાને આવક પણ થશે. આ વિસ્તારમાં મોટી જગ્યા ઘણાં સમયથી દબાણોની ચુંગાલમાં હતી જયારે હવે દબાણમુક્ત વિસ્તારમાં ફરી દબાણો ઘર ન કરી જાય તે માટે પણ તંત્ર સતત વોચ રાખશે.

### સ્વાઈન ફ્લુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં સમાવિષ્ટ સુઘડ ગામેથી ૩૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે પાલજમંથી ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩માંથી ૭૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં સ્વાઈન ફ્લુના વધતા જતા કેસોમાં મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતાતુર છે. રિકવરી રેટ સારો જરૂર છે પણ હોસ્પિટલાઈઝેશન સ્વાઈન ફ્લુમાં વધ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

### ભીંજારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માહોલથી દુવિધાઓનો ઢગ ખડકાયો છે. સેકટરોમાં મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે. જયારે ફુટપાથ અને કોમન પ્લોટમાં બિનજરૂરી વનસ્પિત ઉગી નિકળતા જીવાતનુ પ્રમાણ વધ્યુ છે. આવા સંજોગોમાં કોમન પ્લોટની સફાઈ સહીત દવા છંટકાવ માટે પણ જરૂરી કામગીરી હાથ ધરવામાં આવે તેવી લાગણી પ્રબળ બની છે. હવામાન વિભાગ દ્વારા રાજયના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગર અમદવાદ સહીતના વિસ્તારમાં પણ વરસાદી માહોલ જોવા મળે તેવી સંભાવાના છે.

### ખાસ વ્યવસ્થા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલેકટરશ્રીએ માર્ગો પર આવતાં વાહનોના કારણે કોઈ પદયાત્રી અકસ્માતનો ભોગ ન બને તે માટે પદયાત્રીઓ રોડની ડાભી બાજુ ચાલે તેવો આગ્રહ રાખવો અને તેમને સતત જાગૃત કરતા રહેવા માટેનું આયોજન કરવા પણ ભારપુર્વક જણાવ્યું હતું. તેમજ પદયાત્રીઓ જે દિશામાં ચાલે છે, તે બાજુ જ સેવા કેન્દ્રો ઉભા કરવા પણ જણાવ્યું હતું. જેથી માર્ગ ઓળગવાની જરૂરિયાત પદયાત્રીઓને થાય નહિ. તેની સાથે ગાંધીનગર શહેર સહિત માર્ગમાં આવતાં મોટા સર્કલો ખાતે જયાં ચોક્કસ સમયે વાહનોની અવરજવર વધુ હોય છે, તે સમયે દરમ્યાન ટ્રાફિક સમસ્યા ન સર્જાય તેની ખાસ તકેદારી રાખવા પણ જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ સેવા કેન્દ્રોની આસપાસ સ્વચ્છતા રહે અને પદયાત્રીઓ માર્ગમાં ગમે ત્યાં પાણીની બોટલ કે અન્ય પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ ન નાખે તેની ખાસ તકેદારી રાખવાની વાત પર પણ ભાર મુકયો હતો. પદયાત્રીઓ માટે શૌચાલય વાનની સુવિધા કરવા જણાવ્યું હતું. તેમજ હાઈવે માર્ગની બાજુના સર્વિસ રોડ ચાલી શકાય તેવા છે કે નહિ, તેની ખાત્રી કરવા માટે પણ સુચના આપી હતી.

# તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિમિટેડનો આઈપીઓ પાંચમીએ ખુલશે

અમદાવાદ, તા.૧

તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિમિટેડ ("બેંક")નો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) ૦૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ને સોમવારે ખુલશે. ઓફરમાં કુલ ૧૫,૮૪૦,૦૦૦ ઈક્વિટી શેર સામેલ છે, જે દરેકની ફેસ વેલ્યુ ? ૧૦ છે, જેમાં ફ્રેશ ઈશ્યૂની સાઈઝ ૧૫,૮૪૦,૦૦૦ ઈક્વિટી શેર છે ("ઓફર"). ઓફરની પ્રાઈસ બેન્ડ ? ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેરદીઠ ? ૫૦૦થી ? ૫૨૫ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૨૮ ઈક્વિટી શેર માટે અને પછી ૨૮ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. બેંકે ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત ચોખ્ખા ફંડનો ઉપયોગ બેંકના ટિઅર-૧ મૂડીગત આધારને વધારવા માટે કરવાની દરખાસ્ત રજૂ કરી છે, જેથી બેંકની ભવિષ્યની મૂડીગત જરૂરિયાતો પૂર્ણ થાય, જે બેંકની અસ્કયામતોમાં વૃદ્ધિમાંથી બહાર આવે એવી અપેક્ષા છે, મુખ્યત્વે બેંકના લોન/એડવાન્સ અને રોકાણ પોર્ટફોલિયોનો ભાગ બનશે તથા નિયમિત સમયાંતરે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સૂચિત મૂડીગત પૂર્તતા પર નિયમનકારી જરૂરિયાત સાથે સુસંગતા સુનિશ્ચિત કરશે.

ઓફર સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રુલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી)("SCRR")ની દ્રષ્ટિએ, સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝ રિક્વાયરમેન્ટ્સ) નિયમન, ૨૦૧૮ ("SEBI ICDR નિયમનો") ના નિયમન ૩૧ સાથે વાંચીને રજૂ કરવામાં આવી છે. આ ઓફર SEBI ICDR નિયમનોના નિયમન ૬(૨) સાથે સુસંગત બુક બિલ્ડિંગ પ્રક્રિયા મારફતે રજૂ કરવામાં આવી છે અને SEBI ICDR નિયમનોના નિયમન ૬(૨) સાથે સુસંગત છે, જેમાં નેટ ઓફરનો ઓછામાં ઓછો ૭૫ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ("QIBs", "QIB પોર્શન")ને ફાળવવામાં આવશે, જેમાં શરત એ છે કે, કંપની BRLMs સાથે ચર્ચા કરીને વિવેકાધિન ધોરણે એન્કર રોકાણકારોને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા હિસ્સો ફાળવશે("એન્કર રોકાણકાર હિસ્સો"), જેમાંથી SEBI ICDR નિયમનો મુજબ, એક તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી એન્કર રોકાણકાર ફાળવણીની કિંમત પર કે એનાથી વધારે કિંમત પર માન્ય બિડ મળવાને આધિન છે. એન્કર રોકાણકારના હિસ્સામાં સબસ્ક્રિપ્શન ઓછું થવાથી કે ફાળવણી ન થવાના કેસમાં બાકીના ઈક્વિટી શેર નેટ ક્યુઆઈબી પોર્શનમાં ઉમેરવામાં આવશે.